# શ્રી ભગવાન મહાવીર
# ઉપદેશ બોધ અને સિધ્ધાંત બોધનું સ્વરૂપ

જગતના સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ મહાપુરૂષ શ્રી ભગવાન મહાવીરસ્વામી મળ્યાં. જગતનો સર્વશ્રેષ્ઠ, સર્વ ધર્મોમાં મહાન જૈન ધર્મ મળ્યો અને જગતનું સર્વશ્રેષ્ઠ કુળ ગુણોને કારણે જૈન કુળ મળ્યું, તો જીવે આ ભવમાં મેળવ્યું શું?

જીવે વ્યવહારમાં ઘણી વખત સાંભળ્યું કે આ જીવ અનંતવાર તીર્થંકર પરમાત્માના સમવસરણમાં જઈ આવ્યો. આ જીવે અનંતીવાર સાધુપણું ધારણ કર્યું, છતાં જીવની આ દશા કેમ રહી ?

વ્યવહારમાં આપણે એમ કહીએ છીએ કે જૈન કુળ મળવાથી જીવ દ્રવ્યથી માર્ગાનુસારી કહેવાય. જીવ સાધુ થાય તો દ્રવ્યથી સમકિતી કહેવાય. છતા આખી જીંદગીમાં ક્યારેય ભાવથી કેમ ન થયું? ભાવથી થયું હોત તો જીવની આવી દશા ન રહેત.

જીવને આવી રીતે અનંતીવાર ચારગતિમાં ભવભ્રમણ કરવાનું કારણ શું ?

પરમ પુરુષોએ કહ્યું છે કે મોક્ષમાર્ગ મળવો જીવને અત્યંત દુર્લભ છે, મળે તો ચાલવું સહજ છે, મોક્ષમાર્ગ ન મળવાનું કારણ શું ?

જીવ અનંતભવથી મોક્ષ માર્ગના જ્ઞાનથી અને જ્ઞાનીથી અજાણ છે.

અજાણ રહેવાનું કારણ શું ?

જીવની વિપર્યાસ બુધ્ધિ, સ્વચ્છંદે વર્તવું, સત્યની ઝુરણાનો અભાવ અને પોતાની પસંદગીના ગુરૂને ગોતવા અને જ્ઞાનીને ઓળખવા માટે પુણ્યપ્રકૃતિનો આધાર લઈને સમજવાની કોશિષ કરવાથી જીવ જ્ઞાનીને ઓળખી શકતો નથી.

આ કારણોને લઈને જીવે અનંત ભવભ્રમણ કર્યું.

જીવને જો સિધ્ધાંત બોધનો સહારો મળે તો સહજતાથી જીવ ભાવે માર્ગાનુસારી બને, અને માર્ગાનુસારીથી જીવ સિધ્ધાંત બોધને ધારણ કરે છે. તે મોક્ષનું કારણ ''સિધ્ધાંત બોધ'' છે અને ''ઉપદેશ બોધ''નું કારણ ચાર ગતિનું ભવભ્રમણ.

ભગવાને ચારગતિના ભવભ્રમણના માર્ગને મિથ્યાધર્મ કહેલ છે. અને ચાર ગતિને છોડીને પાંચમી ગતિ એવી મોક્ષ ગતિના માર્ગને ભગવાને આત્મધર્મ કહેલ છે. (સિધ્ધાંત બોધ)

''મિથ્યાત્વસહીતનો ગમેતે દેવલોક મળે તો પણ ભગવાને મિથ્યા કહેલ છે''

''અને સમકિત સહીતની (વધીને પંદર ભવવાળું સમકિત) કોઈપણ નરક મળે તો પણ ભગવાને સ્વીકારેલ છે.'' એના ઉદાહરણ તરીકે શ્રેણિક રાજાનો જીવ નરકવાસ થવાનો હતો છતાં સમકિત સહીતનો હતો એટલે ભગવાને એનો આદર કર્યો હતો.

(શ્રેણિક રાજા ક્ષાયિક સમકિત હતાં.)

## જૈનો જાગો

રમેશ વૈજાણી

લેખાંક : ૨

### ઉપદેશ બોધ અને સિધ્ધાંત બોધનું સ્વરૂપ, એમના ગુણ, એમના લક્ષણો, એમનો સ્વભાવ અને એમના પરીણામ

| ઉપદેશ બોધ | સિધ્ધાંત બોધ |
|---|---|
| ૧. ઉપદેશ બોધનું ઉગમસ્થાન બુધ્ધિ છે. | ૧. સિધ્ધાંત બોધનું ઉગમસ્થાન આત્મા છે. |
| ૨. ઉપદેશ બોધમાં વિરોધાભાસ હોય છે. | ૨. સિધ્ધાંત બોધમાં વિરોધાભાસ હોતો નથી. |
| ૩. ઉપદેશ બોધ કાળ અને ક્ષેત્ર પ્રમાણે બદલાય છે. | ૩. સિધ્ધાંત બોધ સર્વ કાળે અને સર્વ ક્ષેત્રએ એક સરખો છે. |
| ૪. જીવ ઉપદેશ બોધ ભયે કરીને ધારણ કરે છે. | ૪. જીવ સિધ્ધાંત બોધ દુઃખે કરીને ધારણ કરે છે. |
| ૫. ઉપદેશ બોધ બુધ્ધિગમ્ય પણ નથી અને અનુભવગમ્ય પણ નથી. | ૫. સિધ્ધાંત બોધ અનુભવગમ્ય અને બુધ્ધિગમ્ય છે. |
| ૬. ઉપદેશ બોધ ચાર ગતિનું ભવભ્રમણનું કારણ છે. | ૬. સિધ્ધાંત બોધ મોક્ષ ગતિનું કારણ છે. |
| ૭. ઉપદેશ બોધ જીવે નિગોદમાંથી નીકળે પછી નિયમથી એક ભવમાં આરાધવો પડે ભવોભવ જરૂર નથી. | ૭. સિધ્ધાંત બોધ આરાધવાનું જીવે શરૂ કર્યા પછી (ધારણ કર્યા પછી, અનુભવ્યા પછી) અલ્પભવોમાં મોક્ષગામી બને છે. |
| ૮. ઉપદેશ બોધમાં ઉપદેશકે પોતાના જીવનમાં ઉપદેશ ઉતારવો જરૂરી નથી, છતાં ઉપદેશ આપી શકે. | ૮. સિધ્ધાંત બોધ આપનાર જીવે પહેલા ધારણ કરવો પડે છે અને પછી બોધ આપી શકે. |

**ભગવાને કહેલ છે અને કર્યું પણ છે કે પહેલા સ્વકલ્યાણ અને પછી પરકલ્યાણ સહજ સ્વભાવથી થાય અને કરે છે (આત્માનો મુળ સ્વભાવ સ્વપ્રકાશ અને પરપ્રકાશ)**

| ઉપદેશ બોધ | સિધ્ધાંત બોધ |
|---|---|
| ૯. જીવ ઉપદેશ બોધ જગતમાંથી ગમે ત્યાંથી મેળવે છે. | ૯. જીવને સિધ્ધાંત બોધમાં ચાલવા માટે અલ્પભવી જ્ઞાનીની જરૂર પડે છે. |
| ૧૦. ઉપદેશ બોધના કારણે જીવ પુણ્યપ્રકૃતિ ગાઢ કરે છે. | ૧૦. જીવ સિધ્ધાંત બોધના કારણે અંર્તમુખી બને છે. |
| **૧૧.ઉપદેશ બોધમાં જીવ વ્રત, તપ, જપ, ત્યાગ અને પુણ્યનો આગ્રહી હોય છે. આગ્રહી હોય ત્યાં હઠાગ્રહ હોય, હઠાગ્રહ હોય ત્યાં કદાગ્રહ હોય, કદાગ્રહ હોય ત્યાં દુરાગ્રહ હોય, દુરાગ્રહ હોય ત્યાં દ્વેષ હોય, દ્વેષ હોય ત્યાં રાગ હોય, રાગ અને દ્વેષ હોય ત્યાં અજ્ઞાન હોય. ''અજ્ઞાન અનંત ભવભ્રમણનું કારણ છે.''** | **૧૧.સિધ્ધાંત બોધમાં જીવ વ્રત, તપ, જપ, અને પુણ્યનો આદર કરે છે. (આગ્રહ નથી કરતો). આદર હોય ત્યાં આનંદ હોય, આનંદ હોય ત્યાં શાંતી હોય, શાંતી હોય ત્યાં સરળતા હોય, સરળતા હોય ત્યાં સમજણ હોય, સમજણહોયત્યાંસહનશીલતાહોય, સહનશીલતા હોય ત્યાં સત્યની ઝુરણા હોય, સત્યની ઝુરણા હોય ત્યાં આત્મધર્મ હોય. ''સત્ય માનવું, સત્ય જાણવું અને સત્ય પામવું (અનુભવવું) તે મોક્ષ છે.''** |
| ૧૨. ઉપદેશ બોધથી જીવ સક્રિય બને અને સંગમાં ભળે. (અસંગમાં પણ સંગ ધારણ કરે અને એકલો હોય તોય વિચારોથી સંગમાં હોય.) | ૧૨. સિધ્ધાંત બોધથી જીવ નિષ્ક્રીય બને અને અસંગ થાય. (સંગમાં પણ અસંગ હોય અને ટોળામાં પણ વિચારોથી એકાંતમાં હોય.) |
| ૧૩. ઉપદેશ બોધ અજ્ઞાનમાં વધારો કરે (અલગ અલગ પ્રકારના ઉપદેશ હોવાથી) (વર્તમાન ભવમાં) | ૧૩. સિધ્ધાંત બોધ જ્ઞાનમાં વધારો કરે (કોઈપણ કાળમાં, કોઈપણ ક્ષેત્રમાં, કોઈપણ ધર્મમાં, કોઈપણ વેષે, કોઈપણ લિંગે સિધ્ધાંત બોધ એક સરખોજ હોય અને સર્વને એક સરખા અનુભવ હોય છે.) |

જીવે પૂર્વમાં અનંતભવમાં અને આ ભવમાં મોક્ષ માટે કરવામાં કંઈજ બાકી રાખ્યું નથી (શક્તિની બહાર વ્રત કર્યા, ત્યાગ કર્યા, દાન કર્યા, જપ કર્યા) છતાં મોક્ષમાર્ગનો અધિકારી બન્યો કે નહીં તેનું જીવ જાતે અવલોકન કરે (માર્ગાનુસારી ભાવે કરીને બન્યો કે નહીં?) અને એ જાણવા માટે માર્ગાનુસારીનાં પાંત્રીસ ગુણો શાસ્ત્રમાં આપણી આંતરદશા જાણવા માટે આપેલા છે.

વ્યવહારમાં આપણે ઘણીવાર સાંભળીયે છીએ કે આપણું બધું ધર્મ અને પુણ્ય કેવળી ભગવંતને જ્ઞાનમાં ખબર ! આપણે શું જાણીએ ? પણ જો આપણે જાણતા ન હોત તો માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો, આચાર્ય ભગવંતોના છત્રીસ ગુણો અને ચૌદ ગુણસ્થાનક અને યશોવિજયજી સાહેબની આઠ દ્દષ્ટિની સજ્જાય આપણને કેવી રીતે મળી ?

ચૌદ ગુણ સ્થાનકોનું માપ જૈન ધર્મ સિવાય અન્ય કોઈપણ ધર્મમાં ન હોવાથી જૈન ધર્મનું સર્વશ્રેષ્ઠપણું સાબિત કરે છે.

આવા સિધ્ધાંત બોધના દાતા અને આવા સિધ્ધાંત બોધને શાસ્ત્રમાં ઉતારીને આપણી પર કરેલો પરમ ઉપકાર એવા પરમ ઉપકારી શ્રી ભગવાન મહાવીર સ્વામી, ગણધર પરમાત્મા અને ગુરૂ પરંપરાના જ્ઞાની ગુરૂ ભગવંતોને ત્રિકાળ વંદના ! વારંવાર વંદના !!!

| ઉપદેશ બોધ | સિધ્ધાંત બોધ |
|---|---|
| ૧૪. ઉપદેશ બોધનાં ફળસ્વરૂપે ત્યાગવૃતિ આવે છે. ત્યાગ બળવાન હોય તો પણ વૈરાગ્ય હોય એવો નિયમ નથી. | ૧૪. સિધ્ધાંત બોધનાં પરીણામસ્વરૂપે વૈરાગ્ય આવે છે. વૈરાગ્ય હોય તો ત્યાગ સહજ હોય છે. (સ્વભાવ બને છે.) |

**''મોક્ષનું કારણ ત્યાગ કે વૈરાગ્ય ? ત્યાગ ન હોય તો પણ કેવળજ્ઞાન થાય છે.'' ઉદા. શ્રી ભરતચક્રવર્તી, ઈલાયચીકુમાર વગેરે.**

| ઉપદેશ બોધ | સિધ્ધાંત બોધ |
|---|---|
| ૧૫. ઉપદેશ બોધની આરાધનાનું ફળ અલ્પ પુણ્ય અને વિરાધનાનું ફળ પાપ. | ૧૫. સિધ્ધાંત બોધની આરાધનાનું ફળ અનંત ભવમાંથી અલ્પભવ અને વિરાધનાનું ફળ અનંત ભવભ્રમણ સુધી જ્ઞાન, જ્ઞાની અને પરમાત્માનો વિયોગ થાય. (એવો મોટો જ્ઞાનાવર્ણીય કર્મનો બંધ પડે.) |
| ૧૬. ઉપદેશબોધ કષાય દાબવાનું કામ કરે છે. (જીવે કષાય તો સંજોગો અનુસાર પાતાની મેળે પણ દાબી શકે છે.) | ૧૬. સિધ્ધાંત બોધ કષાયના મુળ કાપવાનું કામ કરે છે. (એકવાર કપાયા પછી ઉગતા નથી.) |
| ૧૭. ઉપદેશ બોધ પ્રગટ સ્વરૂપે બીજા જીવો જોઈ શકે છે. | ૧૭. સિધ્ધાંત બોધ જીવ અપ્રગટપણે ધારણ કરે છે. |
| ૧૮. જીવ ઉપદેશ બોધમાં બર્હીમુખી બને છે. | ૧૮. સિધ્ધાંત બોધના કારણે જીવ પુણ્યપ્રકૃતિ પાતળી કરે છે. |
| ૧૯. ઉપદેશ બોધમાં એક ગુણ પ્રગટાવવા જતા અનેક દોષો ઉત્પન્ન થાય છે. | ૧૯. સિધ્ધાંત બોધમાં એક ગુણ પ્રગટાવવાં જતા અનેક ગુણ પ્રગટે છે. |
| ૨૦. ઉપદેશ બોધ મિથ્યાત્વી જીવ પણ આપી શકે છે. | ૨૦. સિધ્ધાંત બોધમાં બોધ (જાણકારી) ઉપાધ્યાય ભગવંત આપે અને ચલાવવાનું કામ જ્ઞાની કરે. (છત્રીસ ગુણોથી યુક્ત હોય અને ગુણસ્થાનકમાં છઠ્ઠુ અને સાતમું સ્થાન ભાવે કરીને હોય, ગુણે કરીને હોય તે જ્ઞાની કહેવાય) |
| ૨૧. ઉપદેશ બોધ જીવ કરે છે, માટે તે ભવોભવ સાથે આવતો નથી. | ૨૧. સિધ્ધાંત બોધ જીવ ધારણ કરે છે. તે ભવોભવ સાથે આવે છે. |

**આવા અનેક પ્રકારના ઉપદેશ બોધ અને સિધ્ધાંત બોધના લક્ષણો છે.**

**જીવ જો સિધ્ધાંત બોધને ધારણ કરીને વ્યવહાર ધર્મના સ્વરૂપે ઉપદેશ બોધ ધારણ કરે તો મોક્ષનું કારણ બને.**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.